**અમદાવાદ (ગ્રામ્ય) ના ૯માં એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

ક્રિમિનલ કેસ નં. 25569/2024

આંક:-

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : **અશોકભાઇ મથુરભાઇ ઠાકોર**

**ગુનો : ઇ.પી.કો.કલમ ૨૭૯ તથા મોટર વાહન અધિનિયમ ૧૮૪, ૧૭૭**

(૧) સદરહું કામના આરોપી વિરૂધ્ધ **ઇ.પી.કો.કલમ ૨૭૯ તથા મોટર વાહન અધિનિયમ ૧૮૪, ૧૭૭** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને બી.એન.એસ.એસ.ની કલમ- ૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી બાદમાં પ્લી લેતા આરોપીએ ગુનાનો સ્વીકાર કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપીએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરસસીમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અંગે આરોપીને માહિતગાર કેસ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજૂઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો ધ્યાનેમાં લઈ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**-:: હુકમ::-**

સદર કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ- ૨૭૫ અન્વયે **ઇ.પી.કો.કલમ ૨૭૯ તથા મોટર વાહન અધિનિયમ ૧૮૪, ૧૭૭ મુજબ** ના ગુના માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને **ઇ.પી.કો.કલમ ૨૭૯ તથા મોટર વાહન અધિનિયમ ૧૮૪, ૧૭૭ મુજબ** નાગુન્હા માટે આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂ.૧૦૦/-** પુરા (અંકે રૂપિયા એક સો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો **દિન-ત્રણ** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૧૪ મી માહે, સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ જાહેર કર્યો.

તારીખ: ૧૪/૦૯/૨૦૨૪
અમદાવાદ (ગ્રામ્ય)

( કે.એન.નિમાવત )
૯માં એડી.સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા
જીજે૦૧૫૭૬